## 12 JUNE 2016 - Sunday

⇛ દિવસ મહિમા : 12 જૂન, <u>વિશ્વ બાળમજૂરી વિરોધ દિન</u>

⇛ <u>RBIના ગવર્નરની પસંદગી માટે પી. કે. સિંહા સમિતિની રચના</u>

RBI એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નરપદના ઉમેદવારની પસંદગી કરવા માટે સૌપ્રથમ વખત એક સમિતિની રચના કરવામાં આવી છે.

➤ આ સમિતિના અધ્યક્ષ કેબિનેટ સેક્રેટરી પી.કે.સિંહા છે.

## 13 JUNE 2016 - Monday

⇛ <u>ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન : સાઈના નહેવાલ ચેમ્પિયન</u>

ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન સ્પર્ધાની ફાઈનલમાં <u>ચીનની સુન યુને</u> હરાવીને પ્રસિદ્ધ ભારતીય બેડમિન્ટન ખેલાડી <u>સાઈના નહેવાલ</u> ચેમ્પિયન બની છે.

⇛ <u>અમેરિકામાં ગે ક્લબ પર ફાયરીંગમાં 50ના મોત</u>

અમેરિકાના <u>ફ્લોરિડા</u> રાજ્યના <u>ઓરલાન્ડો</u>માં <u>પલ્સ</u> નામની <u>ગે નાઈટ ક્લબ</u>માં એક આતંકવાદી દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં 50થી વધુ લોકોનાં મૃત્યુ થયા છે અને 60થી વધારે લોકો ઘાયલ થયા છે.

➤ પોલીસ તપાસ અનુસાર પલ્સ ક્લબ પર હુમલો કરનાર <u>ઓમર માતિન</u> અફઘાન મૂળનો 29 વર્ષીય યુવક હતો.

## 14 JUNE 2016 - Tuesday

⇛ <u>રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મોરબીમાં</u>

15 ઓગસ્ટ, 2016ના રોજ ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મોરબી જિલ્લામાં કરવામાં આવશે.

## 15 JUNE 2016 - Wednesday

⇛ <u>S4A સ્કીમ</u>

દેવાદાર પ્રમોટરો અને ઊંચી NPA ધરાવતી જાહેર ક્ષેત્રની બેંકો માટે રિઝર્વ બેંક તરફથી નવી S4A સ્કીમ જાહેર કરવામાં આવી છે.

➤ <u>સ્કીમ ફોર સસ્ટેનેબલ સ્ટ્રક્ચરિંગ ઓફ સ્ટ્રેસ્ડ એસેટ્સ</u> (S4A) મુજબ કંપનીઓના ડેટને બે હિસ્સામાં વહેંચી નાખવામાં આવશે.

## 16 JUNE 2016 - Thursday

⇛ <u>બ્રિટિશ મહિલા સાંસદ જો કોક્સની હત્યા</u>

બ્રિટનના વિરોધપક્ષ <u>લેબર પાર્ટી</u>ના મહિલા સાંસદ જો કોક્સની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

ICE MAGIC
GOVERNMENT JOB COACHING CLASS FOR INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE
Shree Sadguru Shopping Center, Nr. Akshar Mandir, Kalawad Road, Rajkot. Cell : 93757 01110 / 93280 01110

## 17 JUNE 2016 - Friday

⇛ **નવી એવિયેશન પોલિસીને કેબિનેટની મંજૂરી**

કેન્દ્રિય કેબિનેટ દ્વારા નવી એવિયેશન પોલિસીને મંજૂરી આપવામાં આવી છે.

- આ નવી પોલિસી હેઠળ ડોમેસ્ટિક ફ્લાઈટમાં 1 કલાકના પ્રવાસ બદલ 2500 રૂપિયા અને 30 મિનિટના પ્રવાસ બદલ 1200 રૂપિયા ચૂકવવા પડશે.
- આનાથી વધારે ભાવ એરલાઈન્સ કંપની લઈ શકશે નહિ.
- ઓછા ભાડાથી એરલાઈન્સને પડતા બોજની 20% રકમ રાજ્યો અને 80% રકમ કેન્દ્ર સરકાર આપશે.
- ફ્લાઈટ કેન્સલ થશે તો મુસાફરને 400% સુધીનું વળતર મળશે.

⇛ **ભારત-ઝિમ્બાબ્વે વનડે સિરીઝમાં ઝિમ્બાબ્વેનો વ્હાઈટ વોશ**

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાયેલી ત્રણ મેચની વન ડે ક્રિકેટ સિરિઝમાં ભારતે ત્રણેય મેચો જીતીને ઝિમ્બાબ્વેને ક્લિનસ્વિપ કર્યું છે.

- ભારતીય ક્રિકેટ ટીમના પ્રસિદ્ધ ખેલાડી કે. એલ. રાહુલને મેન ઓફ ધ સિરીઝ જાહેર કર્યો છે.

## 18 JUNE 2016 - Saturday

⇛ **વિયેતનામના પ્રધાનમંત્રી ભારતના પ્રવાસે**

વિયેતનામના પ્રધાનમંત્રી પ્રયુત ચાન-ઓ-ચા ભારતની મુલાકાતે આવ્યા છે.

- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આવતા વર્ષે ભારત વિયેતનામના સંબંધોના 70 વર્ષ પૂરાં થશે ત્યારે વિયેતનામના સાંસ્કૃતિક કાર્યક્રમો ભારતમાં અને ભારતના સાંસ્કૃતિક કાર્યક્રમો વિયેતનામમાં યોજવામાં આવશે.

ICE MAGIC
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Shree Sadguru Shopping Centre, 2nd Floor, Nr. Akshar Mandir, Opp. Tirupati Petrolpump, Kalawad Road, Rajkot.
દરેક સરકારી નોકરી અંગે નિયમિત માહિતી મેળવવા માટે TYPE કરો JOIN ICE અને SEND કરો 92200 92200
દરેક સરકારી ભરતીની માહિતી માટે TYPE your Name & City send whatsapp 93276-01110